વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

MAY- 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# અશાંતિથી છૂટવાનો રામબાણ ઈલાજ !!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



જો ભાઈ! ગમે તેવા સંયોગોમાં, ગમે તે પ્રકારના અશાંતિના સંયોગો હોય આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પ્રગટ કરવાનો એનો અધિકાર છે અને બરાબર પ્રગટ કરી શકે છે. જો એ સંયોગોથી પોતાની ભિન્નતા જ્ઞાનમાં બરાબર ગ્રહણ કરે અને એ ભિન્ન સ્વરૂપને અવલંબવાનો પુરુષાર્થ કરે તો એ બરાબર પોતાની શાંતિનો ત્યાં અનુભવ કરી શકે છે. અશાંતિ તો જે તે સંયોગોની સાથે અભેદતા સાધતા થાય છે.

અશાંતિ થવાનું કારણ બહુ ચોખ્ખેચોખ્ખું એકવાર વિચારી લેવા જેવું છે. અશાંતિ તો જીવને ઘણીવાર થાય છે ને? કે, હે જીવ! જુદાં જુદાં પ્રસંગે તને અશાંતિ થવાનું કારણ તું વિચાર કરીશ તો એક સામાન્ય કારણ તને એ જણાશે કે જે તે પ્રસંગોની સાથે તેં અભેદતા સાધી છે, મમત્વ કર્યુ છે, મારે અને એને આ સંબંધ છે, આટલો મારે એની સાથે વળગાડ છે – એ વળગાડને લઈને અશાંતિ છે. બાકી ભિન્નતાથી ક્યારેય પણ અશાંતિ થતી નથી. અને ભિન્નતા (છે) એ વસ્તુનું સ્વરૂપ છે.

એટલે ગમે તેવા સંયોગમાં પણ આત્મા સંયોગથી ભિન્ન છે અને પોતાના શાંત સ્વરૂપથી અભિન્ન છે. એ અભિન્ન સ્વરૂપને અવલંબતા શાંત સ્વરૂપને અવલંબનમાં લેતા પોતાની શાંતિ અવશ્ય પ્રગટ કરી શકે છે. કોઈ માણસ એમ કહે કે, તમને આ એક દવા આપી. બહુ મોટા રોગ હોય (અને) એમ કહે કે, તમારે દવા હંમેશાં ખીસામાં રાખવી અને જ્યારે પણ તમને બેચેની વધે કે કાંઈક એવી અસર લાગુ થાય એવું કાંઈક લાગે, **sensation** થાય (એટલે) જલદી આ ટીકડી ખાઈ લેવી એટલે તરત તમને રોગનો ઉપદ્રવ શાંત થઈ જશે અને તમે મુશ્કેલીમાં મૂકાશો નહીં. આ એવી દવાની વાત છે કે ગમે તેવા સંયોગમાં તમને તમારી શાંતિનો અનુભવ કરવાનો અધિકાર છે અને તમે તમારી શાંતિ અનુભવ કરી શકો છો. એ સંયોગોથી ભિન્નતાને તમે તરત જ ગ્રહણ કરો કે આ સંયોગોની સાથે મારે કાંઈ લેવાદેવા નથી. એની ભિન્નતા લ્યો અને અશાંતિ થાય એવું કોઈ દિવસ બનશે નહીં. **challenge** મારવામાં આવે છે કે કોઈ દિવસ નહીં બની શકે.

પ્રશ્ન : કેન્સર થાય ત્યારે?

સમાધાન : કોને પણ? ભિન્ન એવા શરીરને, આત્માને નહીં. આમ છે.

મુમુક્ષુ : નિર્ધન થઈ જાય, લૂટાઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી : હા, પણ આત્મામાંથી શું લૂટાણું? આત્માનું ધન લૂટાણું? ગુણ લૂટાણો? પ્રદેશ લૂટાણો? ભાવ લૂટાણો? શું લૂટાણું? કાંઈ લૂટાણું નથી. પોતાના અનંત ગુણની લક્ષ્મીથી ભરપૂર છે. એના

(અનુસંધાન પાના નં ૧૭ પર.. )

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૧, વર્ષ–૨૮, મે–૨૦૨૬


## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**

**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**


જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષપ્રતિભાસ પ્રથમ આવે. પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં-પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે. ૩૫૪.

*

જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જુવારના રોટલાનો સ્વાદ ન આવે તેમ જેણે પ્રભુ આનંદ સ્વરૂપ છે એના સ્વાદ લીધા છે તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી. એકાકારપણું થતું નથી. સ્વ સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને બાહ્ય જ્ઞેયો તે બધાનો રસ તૂટી ગયો છે. ધ્યાનમાં ઉતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે, એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે. ૩૫૫.

*

જ્યારે આ આત્મા પોતે રાગથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થાય છે ત્યારે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થાય છે અને દર્શનજ્ઞાન સ્વભાવમાં અસ્તિત્વરૂપ જે આત્મતત્ત્વ તેમાં એકત્વગતપણે વર્તે ત્યારે તે આત્મા



સ્વસમયમાં આવ્યો તેથી તેને આત્મા કહ્યો. ૩૫૬.

*

પ્રભુને રાગના સંબંધવાળો કહેવો તે દુઃખરૂપ છે. રાગની એકતા તોડીને, રાગને જીતીને, સ્વભાવની એકતા કરે તો સાચો જૈન કહેવાય. કાયમી લક્ષણ સ્વભાવ સાથે નકલી ભાવ જોડવો તે દુઃખરૂપ છે, ખેદ છે. પ્રભુ જીનસ્વરૂપી આત્માને નાનામાં નાના રાગના રજકણ સાથે સંબંધ જણાવવો તે વિસંવાદ છે, દુઃખરૂપ છે. ૩૫૭.

*

પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની

શોભા નથી. વસ્તુ અકષાય સ્વરૂપ છે. તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે પરિણમે તે વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે. ૩૫૮.

*

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો. ૩૫૯.

*

પ્રશ્ન :- સમ્યગ્દષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને?

ઉત્તર :- ના. શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી. એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે. ૩૬૦.

*

ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે. એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધાજ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દષ્ટિના આગ્રહ વાળાને તે દેખાતા નથી. ૩૬૧.

*

પ્રશ્ન :- (ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે?

ઉત્તર :- (ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યનું લક્ષ ને દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી, ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્ય અને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. ૩૬૨.

*

સ્વરૂપની લીલા જાત્યાંતર છે. મુનિની દશા અલૌકિક જાત્યાંતર છે. મુનિરાજ સ્વરૂપના બાગમાં લીલા કરતાં કરતાં એટલે કે સ્વરૂપના બાગમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે છે. દુઃખી થતાં થતાં નહિ પણ સ્વરૂપમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે એવી તેમની જાત્યાંતર દશા છે–લીલા છે. સ્વરૂપ જ જેનું આસન છે, સ્વરૂપ જ જેની બેઠક છે, સ્વરૂપ જ જેનો આહાર છે, સ્વરૂપ જ જેનું વિચરવું છે, સ્વરૂપ જ જેની લીલા છે. અંતરના આનંદની રમતુંમાં ચડ્યો તેની લીલા જાત્યાંતર છે. અરે! સમ્યગ્દૃષ્ટિની લીલા પણ જાત્યાંતર છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં હોય ને ત્યાંથી ઘેર આવી ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. અરે! કોઈવાર લડાઈનાં પ્રસંગમાં હોય ને વખત મળતાં ધ્યાનમાં આવી જાય અરે! સંસારના અશુભ ભાવમાં પડ્યા હોયને ત્યાંથી ખસીને બીજી ક્ષણે ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એ વસ્તુ અંદર પડી છે. તેના મહાત્મ્યના જોરથી નિર્વિકલ્પતા આવી જાય છે. આહાહા! રાગની ભિન્નતા થઈને. સ્વરૂપની એકતા થઈને. આનંદના ખજાનાના તાળા ખુલી ગયા છે એ અશુભ ભાવના પ્રસંગમાંથી ખસીને ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં આવી જાય છે. એ બધો ચમત્કાર પૂર્ણાનંદનો નાથ જાણ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ જાગ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ આખો કબજે થઈ ગયો છે એ એની જાત્યાંતર લીલા છે. અરે! કોઈ જીવ નિગોદમાંથી નીકળીને આઠ વર્ષે સમ્યક્દર્શન પામી તુરત મુનિ થઈ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં દેહ છૂટતાં સિદ્ધ થઈ જાય. આહાહા! સ્વરૂપની જાત્યાંતર લીલા જ કોઈ અદ્‌ભુત છે. અને સમ્યગ્દર્શન વિનાના વ્રત કરે, તપ કરે, ઘરબાર છોડી મુનિ થાય. તોપણ એની લીલા જાત્યાંતર નથી. સંસારની લીલા હતી તેની તે જ છે. ૩૬૩.

*

આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬૪.

*

જિજ્ઞાસુ (જીવને) ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દૃષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિ. માટે એકદમ (ખોટી) ઉતાવળ કરવી નહિ, ઉતાવળ કરતાં રાગ છૂટશે નહિ ને ઉલટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઊભા રહીને રાગ છૂટશે નહિ ને મુંઝવણ થશે અને સ્વભાવના અસ્તિ પક્ષનો યથાર્થ પુરુષાર્થ ઉપાડતાં રાગ સહજ છૂટી જશે. ૩૬૫.

*

આ કરું, આ કરું, આ કરું, પંડિતાઈ કરું, જગતને ઘણુંઘણું સમજાવું. દુનિયાને લાભ થાય તો મને પણ કાંઈક લાભ થાય ને?– એમ તૃષ્ણારૂપ દાહે તેને સપડાવી દીધો છે. ભાઈ! અંતરમાં જવું હોય તો બાહ્યની રુચિ છોડી દે! બીજાને ઉપદેશ દઉં ને તેનાથી મને લાભ થાય–એ તૃષ્ણારૂપી દાહ છે, એ દાહથી એને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. ૩૬૬.

*

અતીન્દ્રિય આનંદના વેદનમાં આનંદસ્વરૂપ પ્રભુને પરથી ભિન્ન, દયા–દાન આદિના ભાવથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. શાસ્ત્રથી સાંભળીને કે ધારણાથી ભિન્ન જાણ્યો છે એમ નહીં. કેમકે એ તો રાગમિશ્રિતપણે જાણ્યું છે. પરંતુ રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્માને ભિન્ન દેખવો તેને ભિન્ન જાણ્યો કહેવાય. ૩૬૭.

*

આહાહા! વીતરાગી સંતો વીતરાગભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. સંતો જે વાત કહે છે તે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરાવવાની જ વાત કરે છે, કેમ કે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. તેથી કહે છે કે હું કહું છું તેની હા પાડજે. એમ ને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઉપાડજે. ૩૬૮.

*

પ્રશ્ન :– જેના પ્રતાપે જન્મ–મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમાં આરામાં જલ્દી થઈ જાય?

ઉત્તર :– પાંચમાં આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમાં આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમાં આરામાં ન થઈ શકે, હમણાં ન થઈ શકે – એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ–એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ–એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ–આરો શું નડે?– શું કરે? ૩૬૯.

*

પ્રશ્ન :– આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

ઉત્તર :– વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે – પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત–શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે–બતાવે છે. ૩૭૦.

*

પ્રશ્ન :- વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?

ઉત્તર :- રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં-દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે. ૩૭૧.

*

પ્રશ્ન :- ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે?

ઉત્તર :- ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી–પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ.

કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય. ૩૭૨.

*

પ્રશ્ન :- આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય?

ઉત્તર :- જ્ઞાયક ... જ્ઞાયક ... જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય. ૩૭૩.

*

અરે ભાઈ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો!! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાય ભાવો–વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે. પરજાત છે, પરજ્ઞેય છે, સ્વજાત–સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. ૩૭૪.

*

ઈસ હી જન્મમેં ગર્ભકે ભીતર રહતે હુએ ભી જો દુઃખ તૂને ઉઠાયે હૈં અબ તૂ ક્યોં ઉનકો ભૂલ ગયા હૈ જિસસે તૂ અપને આત્માકો નહીં પહચાનતા હૈ?

– પરમાગમ-ચિંતામણિ

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૮૪)

# સંગનો વિવેક

બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૨૯ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

મુનિને સંયમ, નિયમ ને તપ-બધામાં આત્મા સમીપ હોય. અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?


તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.

લૌકિક સંગ તારો પુરષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ, વધવાનું કારણ થશે.

અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.

–આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે. ૨૨૯.

(તા. ૨૪-૧૧-૧૯૮૭, પ્રવચન નં. ૧૮૩)



૨૨૯. મુનિરાજના દૃષ્ટાંતે એક સિદ્ધાંત સમજાવવો છે. અને અહીંયાં એ વિષય લીધો છે-બહારમાં કોનો સંગ કરવો? એ વિષયનું માર્ગદર્શન છે. દૃષ્ટાંત લીધો છે મુનિરાજનો. સિદ્ધાંત સમજાવે છે દરેક જીવને, મુમુક્ષુજીવને પણ એની ભૂમિકા પ્રમાણે. છેલ્લે લીધું છે ને? આ પ્રમાણે પોતાની ભૂમિકા અનુસાર, એટલે આ પ્રમાણે મુમુક્ષુજીવે પણ પોતાની ભૂમિકા અનુસાર સમજી લેવાનું છે.

*'મુનિને સંયમ, નિયમ ને તપ - બધામાં આત્મા સમીપ હોય.'* આ નિશ્ચય સંગની વાત લીધી પહેલી. મુનિરાજ તો પરસંગ કરવા માટે બિલકુલ તૈયાર નથી. મુનિને સંયમ, નિયમ ને તપ બધામાં આત્મા (સમીપ હોય). સંયમનું પાલન, નિયમનું પાલન બહારના ભલે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે, સંયમ, નિયમ અને તપ. નિયમ કહો, વ્રત કહો એકાર્થ છે. એ બધામાં દેહની ક્રિયા સમીપ છે એમ નથી કહેતા પણ એ બધામાં આત્મા સમીપ છે. 'સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો.' 'શ્રીમદ્જી'એ ગાયું ને? બહારમાં

જે વ્યવહાર રત્નત્રયની પ્રવૃત્તિ છે, પંચ મહાવ્રત સંયમ આદિની, એ સ્વરૂપલક્ષે છે. સ્વરૂપલક્ષ છોડીને, સ્વભાવ લક્ષ છોડીને, કોઈ વાત નથી. અને એ રીતે જિન ભગવાને, જિનેન્દ્રએ કહેલી મર્યાદામાં છે. આજ્ઞા એટલે મર્યાદામાં છે. મર્યાદા બહારની નિરર્ગળ પ્રવૃત્તિ નથી. અને તે પણ સ્વરૂપ લક્ષે ક્ષણે ક્ષણે ઘટતી જાય એવી સ્થિતમાં છે. વધતી જાય એ વાત નથી. કેમકે રાગાંશથી ઉત્પન્ન થયેલી રાગાંશના નિમિત્તે થતી પ્રવૃત્તિ છે એટલે એ ઘટતી જાય છે અને આત્મા સમીપ છે–સ્વભાવ સમીપ છે, એની– સ્વરૂપની વધુમાં વધુ સમીપ અથવા સ્વરૂપમાં વધુમાં વધુ ઊંડામાં ઊંડા પરિણામથી– ભાવથી મુનિરાજ જતા જાય છે. એવી મુનિની દશા હોય. મુનિ કેવા હોય એ વાત કરી.

મુનિને સંયમ, નિયમ અને તપ બધામાં આત્મા સમીપ હોય. એટલે એમ કહ્યું કે મુનિરાજની વાત આવે ત્યારે એમ કાઢી નાખવાની વાત નથી કે આ તો મુનિ થાય એની વાત છે ને? હું ક્યાં મુનિ છું હજી, હજી મેં ક્યાં મુનિપણું લીધું છે અથવા મુનિપણું ક્યાં આવ્યું છે. એમ વાત નથી. એમને એમ હોય તો એમના માર્ગે અનુસરવાવાળાને એમ હોય, એમ લેવું છે. એને અનુસરવાનું હોય ને બીજી રીતે ઊંધું ચાલવાનું ન હોય, એમ કહેવું છે.

એમ કહે છે કે *'અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?'* એમ કહે છે. લૌકિક જન જે રંગ રાગમાં પડ્યા છે, જેને જગતના વિષયોનો અને પદાર્થોનો રસ છે, જગતના કાર્યોનો રસ છે, વેપાર ધંધાનો ને એ બધાનો રસ છે એનો સંગ ને એનો પરિચય તું શા માટે કરે છો? કેમ કરે છે? એક પ્રશ્ન પૂછ્યો છે. હોવો જ ન જોઈએ. કેમ કહીને કહે છે કે હોવો જ ન જોઈએ અને હોય તો કેમ છે તેની તપાસ કર. કારણ શું છે એની પાછળ. કેમ તને ગમે છે? એ લૌકિક જનોનો પરિચય અને સંગ તને કેમ રુચે છે અને કેમ ગમે છે? આ પણ એક પ્રશ્ન છે. જો તું આત્માની સાધના કરવા નીકળ્યો હોય તો, આત્માની સાધના ન કરવી હોય તો તને કાંઈ વાત કહેવાની રહેતી નથી.

બહુ મહત્વનો આ વિષય એટલા માટે છે કે કુસંગ જેટલું અહિતનું નિમિત્ત થાય છે એટલું આ જગતમાં આત્માને નુકસાન કરનારું બીજું કોઈ નિમિત્ત નથી. એટલે બહુ વજન છે. જ્ઞાનીઓનું, આચાર્યોનું આ વિષય ઉપર બહુ વજન છે. બીજું, જે જીવ જેનો સંગ કરે છે એ જેવા ગુણ કે અવગુણવાળો છે, તે જેવા ગુણ કે અવગુણવાળો છે એવી એની રુચિ છે એમ પ્રસિદ્ધ થાય છે. વગર કહે આપોઆપ.

રુચિને ઓળખવાના જુદાં જુદાં પ્રકારે ઘણા તરીકા છે એમાં આ એક તરીકો છે. જે જીવ જેવા જેવાનો સંગ કરવા જાય છે, પછી એ ગુણી હોય કે અવગુણી હોય, એવી એની રુચિ છે. જો ગુણીનો સંગ કરવા જાય છે તો એને નક્કી ગુણની રુચિ છે. જો એ અવગુણીના સંગમાં રહે છે તો નક્કી એને અવગુણની રુચિ છે. એ અવગુણને સાધશે, એમાંથી અવગુણ બધા પાંગરશે. આ બાજુ જતા ગુણ પાંગરશે. બે રસ્તા છે, જગતમાં ત્રીજો કોઈ રસ્તો નથી. વળી કોઈ કહે કે અમારે તો ગુણ પણ નહીં

ને અવગુણ પણ નહીં. ત્રીજો તો કોઈ રસ્તો જગતમાં નથી. હવે તું તપાસી લે કે તને શેની રુચિ છે? ગુણની કે અવગુણની? એ તારે વિચારવાનું છે.

પ્રશ્ન : ગુણી કે અવગુણીને પરખવો કેવી રીતે?

સમાધાન : જ્ઞાનીઓનો સંગ કરવો એ તો ગુણવાનનો સંગ કરવાની સીધી વાત છે. એટલે એમાં તો નહીં પરખાવાનું (આવતું નથી). પરખવા માટે પોતાને એટલી તૈયારી તો કરવી જ પડશે. ઓળખવાની તો તૈયારી કરવી જ પડશે. બીજો તો એમાં કોઈ ઉપાય નથી. પ્રશ્ન કર્યો છે તો જરા ચર્ચી લઈએ.

જેના સંગમાં રહેવાનું થતું હોય, આ કુટુંબ પરિવારમાં તો કુટુંબ પરિવારના સભ્યોના સંગમાં રહેવાનું થાય છે તો ઓળખાણ નથી પડતી કાંઈ? કોઈ એમ કહે છે કે અમારા ઘરવાળાને હું નથી ઓખળતો, અમે નથી ઓળખતા. અમારા ઘરવાળાને અમે ન ઓળખીએ એમ કોઈ કહે છે? સામુંનું એમ કહે કે ભાઈ! અમે એને પૂરા ઓળખીએ છીએ, અમારા ઘરવાળા છે ઈ. શું કહે? સંગ કરે અને ઓળખાણ ન થાય એમ કેમ બને? જો સંગ કરે, સહવાસ કરે, એના સંગમાં રહે અને ઓળખાણ ન થાય એ કેમ બને? તો એણે સંગ કર્યો નથી. ખરી વાત એ છે.

કોઈવાર એવું બને છે કે કોઈ જ્ઞાની કોઈ અજ્ઞાનીને એના અવગુણ ન ઓળખે. એવું બની જાય છે. અજ્ઞાની એના સંગમાં આવે. જ્ઞાની હોય એનો સંગ કરવા ઘણા અજ્ઞાનીઓ આવે તો કોઈ એવા ઘણા અવગુણવાળા હોય કે જેને ન ઓળખે. કેમ? કે જ્ઞાની એનો સંગ નથી કરતા. એને કેવા કેટલા કેવા પ્રકારના દુર્ગુણ છે એવી માથાકૂટમાં કે એટલા ઊંડા ઊતરવાનું એને પ્રયોજન નથી. એ તો પોતાના પ્રયોજન પાછળ પડેલા છે, પોતાના સ્વકાર્યની પાછળ લાગેલા છે. તો એવું બની શકે. પણ અજ્ઞાની જ્ઞાનીનો સંગ કરવા જાય અને એને ઓળખે નહીં તો એણે સંગ શું કર્યો?

ગુજરાતીમાં આપણે તો કહેવત છે કે સોનું જુઓ કસી અને માણસ જુઓ વસી. વસવું એટલે એના સહવાસમાં રહેવું. સોનાને કસોટી ઉપર કસે તો એ સોનું છે કે પીતળ છે એ ખબર પડ્યા વિના રહે નહીં. એમ માણસના સહવાસમાં રહે અને એ માણસ કેવો છે એમ એને ખબર ન પડે તો એ માણસના સહવાસમાં નથી રહ્યો. એ સીધી વાત છે. એટલે સંગ કરે અને ઓળખાણ ન થાય તો એણે સંગ કર્યો નથી. ખરી વાત એ છે. કેમ કે ઘરમાં તો બને જ છે કે જેના સંગમાં અને સહવાસમાં રહે છે એની ઓળખાણ એને બરાબર થઈ જાય છે.

પ્રશ્ન : બહારમાં ગુણવાનનો સંગ કરવો છે, અવગુણીનો સંગ નથી કરવો... આપણે કઈ કસોટીએ ચડાવવું? આપણા ભાવોને આપણે કઈ રીતે...

સમાધાન : ઓળખાણનો વિષય તો એવો છે (કે એ) પરીક્ષા કરવાનો વિષય છે. પ્રથમ પરીક્ષા કરવી હોય ત્યારે બહુ સૂક્ષ્મ અવલોકનથી સામાનો અભિપ્રાય અથવા એનું હૃદય તપાસતા આવડવું જોઈએ. જો એ ન આવડે તો જીવે એવી અનંતવાર ભૂલ ખાધી છે કે અજ્ઞાનીને જ્ઞાની માનીને સંગ

કર્યો છે. એના માટે માર્ગદર્શન તો ઘણું છે કે, ક્ષયોપશમજ્ઞાન તે જ્ઞાન નથી, કવિત્વ તે જ્ઞાન નથી. પછી કોઈ લેખનશક્તિ તે જ્ઞાન નથી, કોઈ ભાષણશક્તિ તે જ્ઞાન નથી, કોઈ બાહ્ય ત્યાગ તે ખરેખર જ્ઞાન નથી અથવા જ્ઞાનીપણું નથી. એવી જ્યાં જ્યાં જે જે બાહ્ય ચિહ્નોમાં-બાહ્ય લક્ષણોમાં જીવ ભૂલે છે ત્યાં નહિ ભૂલવા માટે પણ ઘણી વાતો આવે છે. એની અંતરંગ પરિણતિ શું છે? એનું શ્રદ્ધાન ક્યાં કામ કરે છે? એના બધા પરિણામોનો સરવાળો ત્રિકાળી અનંત ગુણના પિંડ ઉપર જ્ઞાનથી, આચરણથી, શ્રદ્ધાથી એનું વજન, એનું જોર, એનું લક્ષ, એનો રસ ત્યાં જાય છે કે નથી જતો? એ વસ્તુ તપાસવા પરીક્ષા કરવા માગે તો અછાનું ન રહે એવું એ કામ છે. તપાસવા જેટલી તૈયારી પોતાની હોવી જોઈએ. એ જવાબદારી પોતાની છે. અને જ્યાં પોતાને લાભ-નુકસાનનો વિષય છે ત્યાં તો એને તૈયાર થવું જ રહ્યું, એમાં બીજો કોઈ છૂટકો નથી. શું કરીએ? અમને તો કાંઈ તૈયારી નથી. હવે અમારે શું કરવું? તૈયારી નથી તો તૈયાર થવું. એમાં બીજો કોઈ રસ્તો નથી.

હીરા ખરીદવા છે અને હીરાની પરખ નથી તો ઝવેરીને સાથે લઈ જાય. આપણા સંબંધમાં, આપણા ઓળખાણમાં, આપણાં મિત્રમાં, કોઈ સગા સંબંધીમાં કોણ ઝવેરી છે? એ ઝવેરી છે એમ નહીં, વિશ્વાસપાત્ર ઝવેરી કોણ છે? પાછો એ વિશ્વાસપાત્ર ન હોય તોપણ મુશ્કેલી ઊભી કરે, તોપણ છેતરામણ ઊભી થાય. ત્યાં તો બધો વિવેક વિચાર કરીને પોતાની મૂડી ને પૈસા ખોટી રીતે પડી ન જાય એના માટેની બધી તૈયારી એને આવડે છે કે નહીં?

અહીંયાં એથી થોડી વધારે તૈયારી કરે કેમકે સૌથી વધારે કિંમતી ચીજ છે તો થોડી વધારે તૈયારી કરે. આપણે અત્યારે તો બહુ સુવિધા છે. જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ છે પણ 'ગુરુદેવ' તો એક ઉપકાર વધારાનો કરતા ગયા કે આત્મા તો સમજાવ્યો પણ જ્ઞાની છે એમ આંગળી પણ ચીંધતા ગયા. બે - **double** ઉપકાર છે 'ગુરુદેવ'ના. એક પ્રમાણિક ઝવેરીએ એમ કહ્યું કે આ સાચો હીરો છે. તો ચાલો ભૂલા પડવાના એક નુકસાનમાંથી તો બચ્યા. હજી ઓળખવાની જવાબદારી બાકી રહે છે, હોં! એમાંથી છટકી શકાય એવું નથી. એ તો જવાબદારી છે જ અને પછી જ લાભ થશે, ત્યારે જ લાભ થશે અને ત્યાં સુધી લાભ નહીં થાય, એ વાત તો સમજી લેવાની છે પહેલેથી. પણ એ શક્તિ બીજે ખર્ચાઈ જાય ને સમય બીજે ખર્ચાઈ જાય એમાંથી તું બચી શકે એ પણ કોઈ નાનોસૂનો ઉપકાર નથી. કેમકે કેટલાયની જીંદગીઓ ચાલી જાય. જ્યારે એ રીતે ન અનુસરે તો બીજા સ્થાનમાં કેટલાયની જીંદગી નીકળી જાય. આ જ્ઞાની છે ને આ જ્ઞાની છે ને આ જ્ઞાની છે એમ કરતાં કરતાં આખી જીંદગી અનુસરવામાં ચાલી જશે અને કુસંગ જેટલું તો બીજું કોઈ નુકસાન છે નહીં.

આ તો આવો કાળ ન હોય તો તૈયારી થઈ શકે છે. અત્યારે તો વળી બહુ સગવડતાવાળો સમય છે. નહીંતર જરા અઘરી વાત છે તોપણ અઘરી છે એટલે ન થઈ શકે એવી છે, એમ વિચારવા જેવું નથી. બરાબર પોતે પરીક્ષા કરીને ઓળખવાની સ્થિતિમાં આવવું જ જોઈએ. એનો કોઈ બીજો વિકલ્પ છે કે બીજો કોઈ ઉપાય છે એમ બનતું નથી.

મુમુક્ષુ :- આમાં તો પોતાની તૈયારી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની જ તૈયારી જોઈએ, એમાં બીજું કાંઈ ન ચાલે.

મુમુક્ષુ :- પોતાની તૈયારી, જ્ઞાનીને ગોતવાની ધગશ ક્યાં છે?

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરિયાત નહીં, ઓળખવાની યોગ્યતા અને તૈયારીની વાત છે.

મુમુક્ષુ :- જે જગ્યાએ જોડાય ત્યાં પોતે તો સમજી શકે ને કે આ સારું છે કે નરસું?

પૂજ્ય ભાઈશ્રી :- સારું નરસું ઓળખવા છતાં પણ પરિણામ જ્યાં સુધી અંદરમાં સ્થિર થતા નથી ત્યાં સુધી ગુણવાનના સંગનો વિકલ્પ આવે છે. મુનિ હોય તો મુનિને પણ વિશેષ ગુણવાનના સંગનો વિકલ્પ આવે છે. ગૃહસ્થ હોય તો એને તો આવે જ, એમાં કાંઈ (સવાલ નથી), મુમુક્ષુને આવે એમાં તો કાંઈ નવી વાત નથી. જે અસંગ સ્વભાવમાં અસંગપણે રહી શકે છે એ તો મુનિઓની ધન્ય દશા છે પણ એવી દશા નથી હોતી એવા મુનિઓ પણ ગુણવાન મુનિઓનો સંગ કરે છે. એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિઓનો સંગ ન કરે. ભલે મુનિમાં ને મુનિમાં પણ એ દ્રવ્યલિંગીનો સંગ ન કરે. ભાવલિંગી હોય, વિશેષ ગુણવાન હોય, વિશેષ વૈરાગ્યવાન હોય, વિશેષ અંદરમાં લીન રહેતા હોય એના સંગમાં રહેતા એને એ પ્રકારના ભાવનો આવિર્ભાવ થાય છે. અને તેથી એને એ લાભનું કારણ થાય છે.

'શ્રીમદ્જી'એ એક વાત કરી છે, 'દિપચંદજી' એ વાત કરી છે કે જ્ઞાની કે ગુરુ ભલે ઉપદેશ ન દે તો(પણ) એની મુદ્રા એનો ઉપદેશ દે છે. એની મુદ્રા એનો ઉપદેશ દે છે. હવે એ મુદ્રા ક્યારે ઉપદેશ દ્યે? આ એક વિચારવા જેવો વિષય છે કે, જ્યારે ઓળખાણ હોય ત્યારે દ્યે. નહીંતર તો એની મુદ્રા ગામ આખું જોવે છે. બધાને કાંઈ એમાંથી ઉપદેશ મળતો નથી. પણ જેને એની અંતર ઓળખાણ છે એને તો એ ન બોલે ક્યારેક, તોપણ એની મુદ્રા ઉપરથી એનો ઉપદેશ (પ્રાપ્ત થાય). એના દર્શનમાત્રથી એના ભાવનો આવિર્ભાવ થાય છે. એવો સંગનો વિકલ્પ હોય ત્યારે પણ એ સંગનો એ જાતનો પ્રભાવ જોવામાં આવે છે. એ પ્રત્યક્ષતાનો વિષય છે. વ્યવહાર પ્રત્યક્ષ છે કે નહિ? પરોક્ષ અને પ્રત્યક્ષમાં ઘણો ફરે છે એ બહુ મંથન કરીને, વિચાર કરીને બેસાડવા જેવી ચીજ છે. ટાઈમ થઈ ગયો છે, કાલે વિશેષ લઈશું...

**(તા. ૨૫-૧૧-૧૯૮૭, પ્રવચન નં. ૧૮૪)**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૨૯. બીજી લીટીથી ચાલે છે. *'અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો... ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?'* જે જીવ આત્માની સાધના કરવા નીકળ્યો છે, જેને જગતથી છૂટા પડીને, સંપૂર્ણ દ્રવ્ય-ભાવે છૂટા પડીને સિદ્ધાલયમાં જવાનું જેનું ધ્યેય છે, એને જગતના લૌકિક જનનો-રંગરાગમાં પડેલા જીવોનો પરિચય કરવાનો રસ આવે છે તો જરૂર એની જગત પ્રત્યેની રુચિ છે એ સ્પષ્ટ થાય છે.

રસનો પર્યાય દર્શનમોહ સાથે અથવા રુચિ સાથે અવિનાભાવી સંબંધ ધરાવે છે. એટલે જેને લૌકિક જનના પરિચયનો રસ છે, પરિચય થવો એક વાત છે - સામેથી પરિચય થવો એક વાત છે, પોતે રસ લેવો તે બીજી વાત છે. બન્ને જુદી જુદી વાત છે. જેને પોતાને જગતના મનુષ્યો સાથે સંબંધો વધારવા છે, પરિચય વધારવો છે અને એ પરિચય દ્વારા કોઈપણ કાર્યો કરવા છે એવો જેનો અંતરંગમાં અભિપ્રાય છે એ જીવ આત્માની સાધના કરવા નીકળ્યો નથી પણ સંસારને સાધવા નીકળ્યો છે. એમ આમાંથી બીજું પડખું સ્પષ્ટ થાય છે.

અહીંયાં જરા જોરથી પ્રશ્ન કર્યો છે કે જો તારે સ્વરૂપની સાધના કરવી છે તો બીજા જીવોનો પરિચય ન વધે એ પ્રકારના અભિપ્રાયથી તારી પ્રવૃત્તિ હોવી ઘટે છે. બીજાનો પરિચય વધારવાનો દૃષ્ટિકોણ અથવા જે રસ છે, અભિપ્રાય છે એ તો નિયમથી પરિણામને નીચા જવાનું જ કારણ છે. એમાં કોઈ પરિણામ સુધરશે-શુદ્ધિ બાજુ જશે એવું નહીં બની શકે. અસંગ તત્ત્વનો આશ્રય લેવા માટે સંગ છોડવો એ બાહ્યમાં પણ નિમિત્તપણે ઉપકારીને જાણીને આ કહેવામાં આવે છે. આખરમાં તો સ્વરૂપની સાધના કઈ રીતે છે? કે અસંગ તત્ત્વનો આશ્રય કરે તો સ્વરૂપની સાધના છે. તો અસંગ તત્ત્વનો આશ્રય કરવો અને બહારમાં સંગ વધારવો અથવા સંગનો રસ હોવો એ બે વાતને સુસંગતતા નથી અથવા પરસ્પર વિસંગત વાત છે.

(અહીંયાં) પ્રશ્ન પૂછ્યો છે કે *'લૌકિક જનના પરિચયનો રસ કેમ?'* જરા માર્મિક વાત છે. તારા પરિણમનને તપાસ તો તારા અભિપ્રાયનો તને ખ્યાલ આવશે અને લૌકિક જનના પરિચયનો રસ છે એ તને નિયમથી નુકસાનનું કારણ થશે. જેમ સત્ શાસ્ત્રમાં સત્સંગ ઉપર વજન દેવામાં આવ્યું છે એટલું જ સત્ શાસ્ત્રમાં અસત્સંગના નિષેધ ઉપર વજન દેવામાં આવ્યું છે. એમ આપોઆપ સમજી લેવું જોઈએ.


ફરીથી, સત્ શાસ્ત્રમાં સત્સંગનો મહિમા ઠામઠામ છે અને અત્યંત મહિમા કર્યો છે. કોઈ નિમિત્તાધીન દૃષ્ટિવાળાનું એ પ્રકરણ નથી કે પ્રકાર નથી. જેણે ઉપાદાનથી પોતાની શક્તિ કેળવી છે એણે એ વાત કરી છે. ધર્માત્માઓએ એ વાત કરી છે, મુનિઓએ આચાર્યોએ એ વાત કરી છે. 'મૂલાચાર'માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે હે મુનિ! તું દ્રવ્યલિંગી મુનિનો સંગ કરીશ નહીં. તને દર્શનમોહનું આવરણ આવશે. એ કરવા જેવું નથી.

પ્રશ્ન : આત્મસાધના કરવા નીકળ્યા છીએ પણ પડી કેમ જવાય છે?

સમાધાન : પોતાની કાળજી નથી. પોતાનું હિત થાય છે કે અહિત થાય છે, પોતાના પરિણમન ઉપર એટલું આત્મલક્ષી ધ્યાન પણ નથી, અવલોકન પણ નથી, દૃષ્ટિકોણ એ પ્રકારનો કેળવ્યો નથી કે પરિણામમાં શું ચાલે છે? એમાંથી નુકસાન થાય કે લાભ થાય? એટલે નુકસાન થાય ત્યારે પણ એને ખબર હોતી નથી. લાભ થવાનો પ્રશ્ન નથી.

*

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે... )



# ‘આત્મિક સુખ’

‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’ – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

(આત્મિક આનંદના વિષયમાં આપે કહેલું :) **જ્યાં એકવાર આનંદની ઘૂંટ પી લીધી, ત્યાં તો વારંવાર તે જ ઘૂંટ પીવા માટે પોતાની તરફ આવવું પડશે. બીજી કોઈ જગ્યાએ પરિણતિને રસ જ નહિં પડે. વારંવાર પોતાની તરફ આવવાનું જ લક્ષ રહેશે. બીજો બધો રસ ઉડી જશે. ૨૧.**

*

**પ્રશ્ન : નિર્વિકલ્પ ઉપયોગમાં કેવો આનંદ આવે છે?**

**ઉત્તર : નિર્વિકલ્પ ઉપયોગના સુખની તો શું વાત કહીએ! પરંતુ સમજાવવા માટે (જેમ) શેરડીના રસના ઘૂંટડાં પીવાય છે, તેમ આનંદના ઘૂંટડાં એક પછી એક ચાલતા જ રહે છે, તેમાંથી નીકળવાનો ભાવ જ ન આવે! ૩૩.**

*

**આનંદના અનુભવમાં તો રાગથી પણ ભિન્ન ચૈતન્યગોળો છૂટો એકલો અનુભવમાં આવે છે. તેના આનંદની શું વાત કરીએ! એ તો અંદરથી નીકળવું જ ગમે નહિ, બહારમાં આવતાં જ ભઠ્ઠી ભઠ્ઠી લાગે. ૯૧.**

*

**‘હું’ એવી ભૂમિ છું જ્યાંથી ક્ષણે ક્ષણે નવાં–નવાં ફળ ઉત્પન્ન થતાં જ રહે છે. જેમ ભૂમિમાં ઋતુ–ઋતુ અનુસાર અનેક ફળ થતાં રહે છે તેમ, ‘હું’ એવી ભૂમિ છું જ્યાંથી સુખનું ફળ ઉત્પન્ન થતું જ રહે છે. ‘હું’ અમૃતરસથી જ ભરેલો છું. વળી હું એવી ભૂમિ છું જ્યાં ફળ માટે જળની પણ જરૂર નથી, કારણકે ‘હું’ સ્વયં જ સુખરૂપ છું. બીજા પદાર્થોની અપેક્ષા જ નથી. ૧૮૬.**

*

**અહીં** (સ્વરૂપમાં) **દૃષ્ટિ આવતાં જ સુખનો સ્રોતનો સ્રોત વહેવા લાગશે. ૨૭૪.**

*

(નિર્વિકલ્પ દશામાં) **વીજળીના કરંટની માફક અતીન્દ્રિય સુખ પ્રદેશ–પ્રદેશમાં વ્યાપીને પ્રસરી જાય છે. ...ઝણઝણાટ...! કાળ થોડો છે, પણ તેથી શું ?** (કાળ થોડો હોવાથી તેની મહત્તા ઓછી નથી. નિર્વિકલ્પ આત્માના અતીન્દ્રિય આનંદની અનુભવદશાનું માહાત્મ્ય અચિંત્ય મહિમાવંત છે કેમકે એક ક્ષણાર્ધમાં અનંતભવનો નાશ થઈ જાય છે.) **૩૦૫.**

## પરમ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૫મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પરમ ઉપકારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૫મી જન્મ જયંતી 'ગુરુ-ગૌરવ', સોનગઢ ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, ગાંધીનગર,ભાવનગર ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો.

તા. ૨૭-૦૪-૨૦૨૬ ના જન્મ જયંતી દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા તથા ભક્તિ આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક લાભ લીધેલ.

(પાના નં ૧૮ થી આગળ... )

જેવો જોઈએ તેવો નિશ્ચય રહેતો નથી; અથવા તો નિરંતર વધતો એવો ભક્તિભાવ નથી રહેતો; અને વખતે તો સંદેહને પ્રાપ્ત થઈ જીવ તેવા સત્પુરુષના યોગને ત્યાગી જેની બાહ્યનિવૃત્તિ જણાય છે એવા અસત્પુરુષને દ્રઢાગ્રહે સેવે છે; માટે નિવૃત્તિપ્રસંગ જેકાળમાં સત્પુરુષને વર્તતો હોય તેવા પ્રસંગમાં તેમની સમીપનો વાસ તે જીવને વિશેષ હિતકર જાણીએ છીએ.

આ વાત અત્યારે આથી વિશેષ લખાવી અશક્ય છે. જો કોઈ પ્રસંગે અમારો સમાગમ થાય તો ત્યારે તમે તે વિષે પૂછશો અને કંઈ વિશેષ કહેવાયોગ્ય પ્રસંગ હશે તો કહી શકવાનો સંભવ છે.

દીક્ષા લેવા વારંવાર ઈચ્છા થતી હોય તોપણ હાલ તે વૃત્તિ સમાવેશ કરવી, અને કલ્યાણ શું અને તે કેમ હોય તેની વારંવાર વિચારણા અને ગવેષણા કરવી. એ પ્રકારમાં અનંતકાળ થયાં ભૂલ થતી આવી છે, માટે અત્યંત વિચારે પગલું ભરવું યોગ્ય છે.

અત્યારે એ જ વિનંતી.


રાયચંદના નિષ્કામ યથાયોગ્ય.

*


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (મે-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
**શ્રીમતી જ્યોતિબહેન કિરીટભાઈ ઉદાણી, અમેરિકા**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને
આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# જ્ઞાનલક્ષણથી જ્ઞાયકની ઓળખાણ !



તત્ત્વચર્ચા મંગલવાણી-સીડી-૧૫-C

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :- લક્ષ્યાંક પકડવાની...મતિ શ્રુતજ્ઞાન પકડાય છે.

ઉત્તર :- લક્ષણ પણ મતિશ્રુત દ્વારા જ પકડાય છે કે આ જ્ઞાન-લક્ષણ છે. એ મતિ અને શ્રુત દ્વારા જ પકડાય છે. કે આ અસાધારણ જ્ઞાન તે જ્ઞાનલક્ષણ તે હું છું. જ્ઞાનલક્ષણથી જ્ઞાયક ઓળખાય છે. એ મતિશ્રુત દ્વારા ઓળખાય છે. એ એનું પ્રયોજનભૂત જ્ઞાન હોય તો એનાથી ઓળખાય એને ઝાઝું જ્ઞાન જોઈએ મતિશ્રુતમાં કે ઝાઝો શાસ્ત્રનો અભ્યાસ હોય કે ઝાઝું બહુ ગોખી હોય કે ભણી ગયો હોય કે બહુ ઝાઝું કાંઈ બોલતા આવડે કે કાંઈ શીખી ગયો હોય તો આવડે એવું નથી. મતિશ્રુત એક આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે, પ્રયોજનભૂત તત્ત્વને ઓળખે તો સમજી શકે એવું છે. એમાં ઝાઝો બધો ઉઘાડ હોય કે ઝાઝું બધું બહુ યાદ રહેતું હોય તો ઓળખાય એવું પણ નથી. એ મતિશ્રુત પ્રયોજનભૂત તત્ત્વને જાણે. તત્ત્વનું જ્ઞાન પ્રયોજનભૂત હોય તો આત્માને ઓળખી શકાય છે.

પ્રશ્ન :- ... પ્રશ્ન છે માતાજી! આશ્રયભૂત તત્ત્વનું અવલંબન લેતા સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની પર્યાય પ્રગટ થાય છે. આ અવલંબન સાધકદશામાં હોય છે કે સિદ્ધદશામાં પણ ચાલુ રહે છે? એ જરા કૃપા કરીને વિગતથી સમજાવશો.

ઉત્તર :- અવલંબન સાધકદશામાં રહે છે. સિદ્ધ દશામાં જે આલંબન લીધું એ આલંબન-આલંબન પરિણતિરૂપે રહી જાય છે. એમાં પછી એને પ્રયત્ન કરવાની જરૂર નથી રહેતી. સાધકદશામાં પ્રયત્નરૂપ છે. આત્માનું અવલંબન લીધું. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી આત્માનું જે આલંબન લીધું. આત્મા જ એને આશ્રયભૂત છે, આત્મા જ એને મુખ્યપણે એની દૃષ્ટિમાં રહ્યો, એના આશ્રયમાં રહ્યો, એને બળવાનપણે આત્માને ગ્રહણ કર્યો. એ બળવાનપણે આત્માને ગ્રહણ કર્યો. સિદ્ધ દશા સુધી. પછી એને પ્રયત્ન કરવાની જરૂર નથી. જે આલંબન મુખ્યપણે દ્રવ્ય ઉપર જે દૃષ્ટિ જોરદાર હતી તે એમ ને એમ પરિણતિરૂપે એને સહજરૂપે થઈ જાય છે. પછી ત્યાં આલંબનની જરૂર નથી. પણ જે આશ્રય લીધો એ આશ્રયરૂપે પોતે પરિણમી જાય છે. દ્રવ્ય અને પર્યાય બે.

દ્રવ્ય પોતે જે મુખ્ય લક્ષમાં લીધું એનો આશ્રય, પર્યાય નિર્મળતારૂપે પરિણમી જાય છે. બાકી સાધકદશામાં તો આત્મા જ જેને આશ્રયભૂત છે. સમ્યગ્દર્શન એમાં આત્માનો જ આશ્રય છે. એને સંવર, નિર્જરા, બધું જે થાય છે એ આત્માના આશ્રયથી જ થાય છે. મારો આત્મા દર્શન-જ્ઞાન-

ચારિત્ર બધું મારો આત્મા જ છે. અને મારા આશ્રયમાં પણ આત્મા જ છે. સમ્યગ્દૃષ્ટિને એના આશ્રયમાં આત્મા છે. ચારિત્રના આશ્રયમાં પણ આત્મા જ છે. બધામાં આત્મા છે. ચારિત્રમાં પણ આત્માનો આશ્રય મુખ્ય છે. બહારથી શુભભાવો અમુક જાતના એની ભૂમિકા પ્રમાણે હોય, પંચમહાવ્રતના, અણુવ્રતના. પણ એને અંતરથી જે ચારિત્ર યથાર્થ પ્રગટે તે આત્માના આશ્રયથી જ પ્રગટે છે. ચારિત્રમાં પણ આત્માનો આશ્રય છે. સંવરમાં આત્માનો આશ્રય છે. પ્રત્યાખ્યાનમાં આત્માનો આશ્રય છે. પ્રત્યાખ્યાન બહારથી કર્યા એટલે એમ નહિ એ તો શુભભાવ છે. અંતર આત્માના આશ્રયમાં બધો આત્માના આશ્રયમાંથી જ થાય છે. આત્માનું જે આલંબન લીધું એ છેક સુધી રહે છે. પછી શ્રેણી ચડીને કેવળજ્ઞાન થાય અને કૃતકૃત્ય દશા થઈ ગઈ. પછી કાંઈ કરવાનું રહેતું નથી. આલંબન તે આલંબન સહજ પરિણતિરૂપે આત્મા આત્મારૂપે પરિણમી જાય છે. જેવો છે એવો પ્રગટ રીતે પરિણમી જાય છે. તે છેક સિદ્ધદશા સુધી પછી આલંબન પ્રયત્ન કરવાનું રહેતું નથી. આલંબન સહજરૂપે પરિણમી જાય છે.

પ્રશ્ન :- માતાજી! સાધકદશામાં આલંબન લેવું એ નિર્વિકલ્પદશામાં રહે કે તો સવિકલ્પદશામાં કેવી રીતે?

ઉત્તર :- અહીંયા આશ્રય તો સવિકલ્પદશામાં આશ્રય છે. નિર્વિકલ્પદશામાં સહજ નિર્વિકલ્પરૂપે છે. સહજ પરિણતિરૂપે છે. દ્રવ્યની જે મુખ્યતા રહી તે મુખ્યતા નિર્વિકલ્પદશામાં પણ સહજરૂપે છે. અને બહાર આવે તોપણ એને આશ્રયનો ખ્યાલ છે અને સાધકપણામાં મુખ્ય જોર રહે છે. આશ્રયભૂત આત્માનો. સવિકલ્પદશામાં જે આશ્રય લીધો તે નિર્વિકલ્પદશામાં સહજરૂપે રહી જાય છે. મુખ્યરૂપે દ્રવ્ય જે રીતે છે તે રૂપે પરિણતિ એની રહી જાય છે. જેવું નિર્વિકલ્પદશામાં અંશમાં છે એવું પૂર્ણતામાં કેવળજ્ઞાન થયું તોપણ એમ સહજ રહી જાય છે.

(તત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે... )


*

(પાના નં ૦૨ થી આગળ... )

ગુણનું કોઈ હરણ કરી જઈ શકે એવું નથી. ગુણ તો સામાન્ય સ્વરૂપે છે પણ એનો ઉત્પાદ-વ્યયરૂપ ઉપયોગ જે છે એ ઉપયોગનું પણ કોઈ હરણ કરી જઈ શકે એમ નથી. ૧૭૨ ગાથામાં લીધું છે ને? કે ઉપયોગ નામનું લક્ષણ છે, આત્માનું ચિહ્ન છે એનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. મારા ઉપયોગને કોઈ ખેંચી જાય, આકર્ષી જાય એવો પણ જગતમાં કોઈ પદાર્થ નથી કે એને હરણ કરી શકે. અને જે ઉપયોગ બહાર જાય એ ઉપયોગ મારો ઉપયોગ નહીં, એ મારું સ્વરૂપ નહીં. આમ લીધું છે. એ વિષય ઉપર 'ગુરુદેવ'ના પ્રવચનો એવા અદ્ભુત આવેલા છે!

*

(પ્રવચનાંશ.. 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૧૬, તા. ૧૭-૦૫-૮૭, પ્રવચન નં-૯૦, 'અધ્યાત્મ સુધા' ભાગ-૩, પાનું -૪૯૫-૪૯૬)



## – પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રાજહૃદય !!

પત્રાંક-૪૦૧

મુંબઈ, ભાદરવા સુદ ૧, ભોમ, ૧૯૪૮

ૐ સત્

શુભવૃત્તિ મણિલાલ, બોટાદ.

તમારા વૈરાગ્યાદિ વિચારોવાળું એક પત્ર ત્રણેક દિવસ પહેલાં સવિસ્તર મળ્યું છે.

જીવને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થવો એ એક મોટો ગુણ જાણીએ છીએ; અને તે સાથે શમ, દમ, વિવેકાદિ સાધનો અનુક્રમે ઉત્પન્ન થવારૂપ જોગ પ્રાપ્ત થાય તો જીવને કલ્યાણની પ્રાપ્તિ સુલભ થાય છે, એમ જાણીએ છીએ. (ઉપલી લીટીમાં 'જોગ' શબ્દ લખ્યો છે તેનો અર્થ પ્રસંગ અથવા સત્સંગ એવો કરવો.)

અનંતકાળ થયાં જીવનું સંસારને વિષે પરિભ્રમણ છે, અને એ પરિભ્રમણને વિષે એણે અનંત એવાં જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો કર્યા જણાય છે, તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય છે, એવાં એક્કે સાધન થઈ શક્યાં હોય એમ જણાતું નથી. એવાં તપ, જપ, કે વૈરાગ્ય અથવા બીજાં સાધનો તે માત્ર સંસારરૂપ થયાં છે; તેમ થયું તે શા કારણથી? એ વાત અવસ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે. (આ સ્થળને વિષે કોઈ પણ પ્રકારે જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો નિષ્ફળ છે એમ કહેવાનો હેતુ નથી, પરંતુ નિષ્ફળ થયાં છે, તેનો હેતુ શો હશે? તે વિચારવા માટે લખવામાં આવ્યું છે. કલ્યાણની પ્રાપ્તિ જેને થાય છે, એવા જીવને વિષે વૈરાગ્યાદિ સાધન તો ખચીત હોય છે.)

શ્રી સુભાગ્યભાઈના કહેવાથી તમે, આ પત્ર જેના તરફથી લખવામાં આવ્યો છે તે માટે, જે કંઈ શ્રવણ કર્યું છે, તે તેમનું કહેવું યથાતથ્ય છે કે કેમ? તે પણ નિર્ધાર કરવા જેવી વાત છે.

નિરંતર અમાર સત્સંગને વિષે રહેવા સંબંધી તમારી જે ઈચ્છા છે, તે વિષે હાલ કાંઈ લખી શકાવું અશક્ય છે.

તમારા જાણવામાં આવ્યું હોવું જોઈએ કે અત્ર અમારું જે રહેવું થાય છે તે ઉપાધિપૂર્વક થાય છે, અને તે ઉપાધિ એવા પ્રકારથી છે કે તેવા પ્રસંગમાં શ્રી તીર્થંકર જેવા પુરુષ વિષેનો નિર્ધાર કરવો હોય તોપણ વિકટ પડે, કારણ કે અનાદિકાળથી માત્ર જીવને બાહ્યપ્રવૃત્તિ અથવા બાહ્યનિવૃત્તિનું ઓળખાણ છે; અને તેના આધારે જ તે સત્પુરુષ, અસત્પુરુષ કલ્પતો આવેલ છે; કદાપિ કોઈ સત્સંગના યોગે જીવને 'સત્પુરુષ આ છે' એવું જાણવામાં આવે છે, તોપણ પછી તેમનો બાહ્યપ્રવૃત્તિરૂપ યોગ દેખીને

(અનુસંધાન પાના નં ૧૫ પર.. )

## ‘સ્વાનુભૂતિપ્રકાશ’ પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે ‘સ્વાનુભૂતિપ્રકાશ’ - આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઈલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

- મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐   **pdf** ફાઈલ ☐

હાલનો રજી. નં :- ____________

નામ :- ______________________________

સરનામું :- ______________________________

______________________________

પિનકોડઃ- ____________

મોબાઈલ નંઃ- ____________

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1185**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041